Ref. No

Date જાનં. /IQAC/2018-19

તા. 06-04-2018

તારીખ ૦૧/૦૪/૨૦૧૮ને રવિવારના રોજ ગૂજરાત વિદ્યાપીઠના આંતરિક બાંયધરી એકમ (IQAC)ની બેઠક, ગૂજરાત વિદ્યાયાપીઠના IQAC ખંડમાં યોજવામાં આવી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

આજ રોજ તા. 01-04-2018ને રવિવારના રોજ સવારે 10-00 કલાકે ગૂજરાત વિદ્યાપીઠ આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ(IQAC)ની બેઠક ગૂજરાત વિદ્યાપીઠના સમિતિ ખંડમાં કુલનાયકશ્રી પ્રો. અનામિક શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| 1. | પ્રો. અનામિક શાહ | કુલનાયકશ્રી |
| 2. | ડૉ. રાજેન્દ્ર ખીમાણી | કુલસચિવશ્રી |
| 3. | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની | ટ્રસ્ટીશ્રી |
| 4. | ડૉ. શ્રીનિવાસ મૂર્તિ | સંયોજક, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 5. | ડૉ. નિમિષા શુક્લ | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 6. | ડૉ. જગદીશ ગોઠી | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 7. | ડૉ. જિગ્નેશ પટેલ | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 8. | શ્રી મનોજભાઈ મિશ્રા | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |
| 9. | પ્રો. એ. આર. જાની | સભ્ય, આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ |

ડૉ. લોકેશ જૈને ગેરહાજર રહેવાની જાણ ફોનથી કરેલી હતી. બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કાર્ય – 1 01-04-2018થી અમલમાં આવેલ નવી કમિટિના સભ્યોનો પરિચય.

IQACની બેઠકમાં આદરણીય કુલસચિવશ્રીએ IQACના નવા સભ્યોને આવકાર આપી તેમનો પરિચય આપ્યો.

કાર્ય-2 આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમની કામગીરી વિશે જાણકારી.

આદરણીય કુલનાયકશ્રીએ IQAC દ્વારા હાથ ધરવામાં આવેલ કામકાજ વિશે બધા સભ્યોને જાણકારી આપી અને સભ્યોએ હવે પછી IQAC દ્વારા નીચેના મુદ્દાઓ હાથ ધરવા અંગે ચર્ચા કરી.

1) IQAC મીટીંગના એહવાલ ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ પર મૂકવાનું સૂચવવામાં આવ્યું.
2) AQAR તૈયાર કરીને વેબસાઈટ પર મૂકવાનું સૂચવવામાં આવ્યું.
3) ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રથમ AQAR (૨૦૧૬-૧૭) તા. ૧૫ એપ્રિલ, ૨૦૧૮ સુધીમાં મોકલવાનું સૂચવામાં આવ્યું.
4) પ્રથમ AQAR માં જે માહીતી Nil બતાવેલ છે જે બીજા AQARમાં Nil ના રહે તે પ્રમાણે કામગીરી કરવા માટેનું આયોજન કરવાનું સૂચવામાં આવ્યું.
5) બીજા AQAR (૨૦૧૭-૧૮) માટે મે-૨૦૧૮માં માહિતી મંગાવીને જુન, ૨૦૧૮ સુધીમાં તૈયાર કરી દેવા સૂચવામાં આવ્યું.
6) છેલ્લા NAACના અહેવાલમાં સૂચનોની યાદી પ્રમાણે કામગીરી વિચારમાં લેવી અને અમલમાં મૂકવા આયોજન કરી, તેની જાણ જે-તે વિભાગને લેખિતમાં કરી, તેની પૂર્તતા કરવા સૂચવામાં આવ્યું.
7) શૈક્ષણિક સેવકો માટે પ્રશંસા કાર્યશાળા કરવી જોઈએ, જેમાં તેમના કરેલા કામને બિરદાવી અને NAAC માટે ખૂટતી બાબતો અંગે પૂર્તતા કરવા આયોજન કરવા સૂચવામાં આવ્યું.
8) શૈક્ષણિક સમયપત્રક બનાવવું જેમાં પછીથી કોઈજ સુધારા ન થાય તે બાબતનું પણ ધ્યાન રાખવું અને આ સમયપત્રક પ્રમાણે જ કામગીરી કરવા સૂચવામાં આવ્યું.
9) વિભાગીય અધ્યક્ષ અને ડીનને AQAR માટેની જાણકારી આપવી જેથી આ અંગેના કોઈપણ માહિતી મેળવવામાં વિલંબ ના થાય.
10) વિભાગીય સ્તરે IQAC સમિતિની રચના કરવી જે ગૂજરાત વિદ્યાપીઠની IQACને જરૂરી વિભાગીય સ્તરની કામગીરીમાં મદદરૂપ થાય.
11) વાર્ષિક અહેવાલ AQAR પ્રમાણે થાય અને વિભાગીય સ્તરે AQAR રીપોર્ટ તૈયાર થાય તેવું આયોજન કરવું.

12) IQACમાં ડેપ્યુટી કોઓર્ડીનેટર અથવા પૂર્ણ સમયના એક અધ્યાપક હોવા જોઈએ જે ગૂજરાત વિદ્યાપીઠની IQACની કામગીરીનું સતત નિરીક્ષણ કરી શકે.

13) પસંદગી આધારીત શાખ પધ્ધતિ વધુ અસરકારક રીતે આવતા વર્ષથી અમલમાં મૂકી શકાય તે માટે જુદા-જુદા સ્તરે ચર્ચા કરી તેનો અમલ થાય તેમ કરવા સૂચવામાં આવ્યું.

14) નવું તૈયાર કરેલ વિદ્યાર્થી પ્રતિસાદ પત્રક, ચાલુ સત્રના વિદ્યાર્થીઓને ભરાવવા આયોજન કરવા સૂચવામાં આવ્યું.

15) આગામી તા. ૧૪/૦૪/૨૦૧૮ના રોજ વિભાગીય અધયક્ષ અને શૈક્ષણિક સેવકો સાથે IQACના સભ્યો મળીને NAACની કામગીરી, તેમા સેવકોની ભૂમિકા અને જવાબદારી અંગે ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવ્યું.

પ્રમુખશ્રીની મંજૂરીથી સભાસદોનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું.

તા. 06-04-2018

(શ્રીનિવાસ મૂર્તિ)
સંયોજક

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ